સરકારના ફાઈનાન્સ બોર્ડ પાસે લોનની માંગણી કરતી દરખાસ્ત મોકલી આપી હતી

પેટલાદ પાલિકાએ વીજબીલના 7.28 કરોડ લોન લઈને ચૂકતે કર્યાં

સરકાર પાસેથી વિજબીલ યોજના અંતર્ગત લીધેલી લોનથી ચુકવણું કર્યું

(પ્રતિનિધિ) પેટલાદ તા.14

પેટલાદ નગરપાલિકાએ રાજ્ય સરકારની વિજ બીલ યોજના અંતર્ગત લોન લઇ અંદાજીત રૂ.7.28 કરોડનું ચુકવણી કરી દેવામાં આવ્યું છે. આ ઝીરો ટકા વ્યાજની લીધેલી લોનના નાણાં પાલિકાએ દસ માસિક હપ્તે સરકારને પરત ચુકવવાના હોવાનું જાણવા મળે છે.

તસવીરઃ વિનાયક આણંદજીવાલા

પેટલાદ નગરપાલિકાની આર્થિક સ્થિતી ડામાડોળ છે. કર્મચારીઓના પગાર પણ સમયસર થતાં નથી. વર્તમાન સત્તાધિશોના કાર્યકાળ દરમ્યાન પાલિકાની નાણાંકીય સ્થિતી વધુ કથળી રહી છે. જેને કારણે પાલિકા ઉપર વીજબીલના બાકી બીલો ભરવાનું ભારણ વધતું જતું હતું. પાલિકાએ એમજીવીસીએલને વીજબીલ પેટે અંદાજીત રૂપિયા નવ કરોડ જેટલી રકમ ભરવાની બાકી હતી. જે પાલિકાના વાર્ષિક સ્વભંડોળની આવક કરતાં પણ વધુ છે. જેથી પાલિકાએ આશરે છ મહિના અગાઉ સરકારના ફાઈનાન્સ બોર્ડ પાસે લોનની માંગણી કરતી દરખાસ્ત મોકલી આપી હતી. જેથી ગુજરાત ફાઈનાન્સ બોર્ડ દ્વારા વીજ બીલ સહાય યોજના અંતર્ગત આ દરખાસ્ત મંજુર કરવામાં આવી હતી.

જે પેટે બોર્ડ દ્વારા રૂ.7.28 કરોડની લોન પેટલાદ નગરપાલિકાને આપી હતી. આ લીધેલ લોનની ચૂકતે રકમનો ચેક બાકી વીજ બીલ પેટે રૂ.7.28 કરોડ પાલિકાએ એમજીવીસીએલને આપ્યો હતો.

મળતી માહિતી મુજબ, ગુજરાત ફાઈનાન્સ બોર્ડ પાસેથી લીધેલી આ લોનનું ચુકવણું દસ મહિના દરમ્યાન માસિક હપ્તે કરવાનું છે. જો આ સમય મર્યાદામાં લીધેલી લોનનું ચુકવણું કરવામાં પાલિકા નિષ્ફળ જાય તો પેટલાદ પાલિકાને મળતી ગ્રાન્ટમાંથી લોનની રકમ સરકાર વસૂલ કરશે. આમ પાલિકાના પ્રમુખ જીજ્ઞેશ જોષી અને ચીફ ઓફીસર કૃણાલ પટેલે પેટલાદ પાલિકાનું દેવું ચુકતે કરવા ઈસ કી ટોપી ઉસ કે સર જેવો ઘાટ સર્જ્યો છે. આમ છતાં આ લોનનો ચેક આપતા ફોટા પડાવી પ્રસિદ્ધી મેળવતા હોવાનો મુદ્દો ટોક ઓફ ધ ટાઉન બન્યો છે.

સાવકા પિતાએ સગીર પુત્રી પર દુષ્કર્મ ગુજાર્યું

નડિયાદ રૂરલ પોલીસે ગુનો નોંધી આરોપીને ઝડપી પાડ્યો

(પ્રતિનિધિ) નડિયાદ, તા.14

નડિયાદ તાલુકાના એક ગામમાં કૌટુંબિક સંબંધોને લજવે તેવી એક ચકચારીત ઘટના સામે આવી છે. જેમાં સાત ફેરા લીધા વિના એક મહિલા સાથે રહેતા નરાધમ વ્યક્તિએ તેની સગીર વયની સાવકી પુત્રી પર વારંવાર બળાત્કાર ગુજારી તેને ગર્ભવતી બનાવી દેતા ચકચાર મચી ગઈ છે. ઘટનાની જાણ થતાં જ નડિયાદ રૂરલ પોલીસે ત્વરિત કાર્યવાહી કરી હેવાન આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ અંગેની પ્રાપ્ત માહિતી મુજબ, આ ઘટનામાં આરોપી પુરુષે ભોગ બનનાર કિશોરીની માતા સાથે લિવ-ઈન રિલેશનશિપનો કરાર કર્યો હતો. આ કરાર હેઠળ, તેણે મહિલાની અગાઉની દીકરીઓની પણ જવાબદારી લીધી હતી. પરંતુ, આ જવાબદારી નિભાવવાને બદલે તેણે હેવાનિયતની તમામ હદો પાર કરી નાખી. પીડિતાની માતા બીમાર પડતાં ઘરની જવાબદારી કિશોરી પર આવી હતી.

આ પરિસ્થિતિનો લાભ લઈ આરોપીએ પોતાની વાસના સંતોષવા માટે કિશોરીને શિકાર બનાવી. નિર્લજ્જ આરોપીએ એક વાર નહીં, પરંતુ વારંવાર સગીરા સાથે બળાત્કાર ગુજાર્યો અને પરિણામે તે ગર્ભવતી બની. આ હેવાનિયત માત્ર મોટી પુત્રી સુધી સીમિત નહોતી, પરંતુ તેણે નાની પુત્રી સાથે પણ શારીરિક અડપલાં કર્યા હોવાનું સામે આવ્યું છે.

જ્યારે આ ઘટનાની જાણ થઈ, ત્યારે કાયદાની નજરમાં આ એક ગંભીર ગુનો બન્યો અને સ્થાનિક પોલીસ સ્ટેશને આ મામલે ગંભીરતાથી નોંધ લઈ તાત્કાલિક ધોરણે તપાસ હાથ ધરી હતી. પુરાવા અને હકીકતોના આધારે, નડિયાદ રૂરલ પોલીસે ગુનો દાખલ કરી અને આરોપી પિતાને ઝડપી લીધો છે અને તેની સામે કાર્યવાહી હાથ ધરી છે.

તારાપુરઃ ખાખસર ગામના સરપંચને બરતરફ કરાયા

બે કરતા વધુ બાળકો હોવા છતાં તેઓએ ઉમેદવારી ફોર્મમા માહિતી છૂપાવી હતી

(પ્રતિનિધિ) તારાપુર તા.14

તારાપુર તાલુકાના ખાખસર ગામના મહિલા સરપંચને બે કરતા વધુ બાળકો હોઈ તેઓને ગ્રામ પંચાયત અધિનિયમ હેઠળ સરપંચ પદના હોદા ઉપરથી દૂર કરવામાં આવ્યા છે.

આણંદ જિલ્લામાં તાજેતરમાં થયેલી ગ્રામ પંચાયતની ચૂંટણીમાં તારાપુર તાલુકાના ખાખસર ગામના સરપંચ તરીકે વિજુબેન મનુભાઈ ચૂંટાઈ આવ્યા હતાં. જો કે તેઓએ સરપંચ પદની ઉમેદવારી નોંધાવી હતી તે સમયે બે કરતા વધુ બાળકો હોવા છતાં તેઓએ ઉમેદવારી ફોર્મમાં માહિતી છૂપાવી હતી. બાદમાં સરપંચ પદે ચૂંટાઈ આવ્યા હતા. આ અંગે ગામના જ એક અરજદારે ચાર બાળકો હોવાના પુરાવા સાથે તાલુકા વિકાસ અધિકારી અને જિલ્લા વિકાસ અધિકારીને આ અંગેની રજૂઆત કરી હતી.

આ મામલે રજુઆત બાદ કરવામા તંત્ર દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. જે તપાસ દરમિયાન ખાખસર ગામના સરપંચ પદે ચૂંટાઈ આવેલા વિજુબેન મનુભાઈને ચાર બાળકો હોવાનું અને છેલ્લા બાળકનો જન્મ 2005 પછી થયેલો હોવાથી તંત્રએ તેઓને સરપંચ પદના હોદ્દા ઉપરથી દૂર કરવામાં આવ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આણંદ જિલ્લામાં તાજેતરમાં જ ગ્રામ પંચાયતની ચૂંટણી યોજાઈ હતી. જેમાં સરપંચ અને પંચાયત સભ્ય દ્વારા સંતાનોની માહિતી છુપાવી હોવાની વારંવાર ફરિયાદો ઉઠતી રહે છે.

વીરપુરમાં અજાણ્યા શખસો રખડતાં આંખલા છુટા મૂકી જતાં પ્રજામાં ફફડાટ

રાત્રિના અંધારાનો લાભ લઇ 15થી 20 આખલા ઉતારી ભાગી ગયાં

(પ્રતિનિધિ) વીરપુર તા.14

મહિસાગર જીલ્લાના વીરપુર નગરમાં છેલ્લા કેટલાક દિવસોથી આખલાઓનો ત્રાસ ચરમસીમાએ પહોંચી ગયો છે. નગરના મુખ્ય બજાર વિસ્તારથી લઈને રહેણાંક વિસ્તારોમાં આખલાના ઝુંડના કારણે લોકોનો જીવ તાળવે ચોંટી ગયો છે. ખાસ કરીને રાત્રિના સમયે આ આખલાઓનો ઉપદ્રવ વધુ જોવા મળી રહ્યો છે. થોડા દિવસો પહેલા રાત્રીના સમયે અચાનક 15થી 20 આખલાઓ નગરમાં અજાણ્યા શખ્સો દ્વારા

તસવીરઃ નાથુસિંહ પરમાર

ઉતારી ગયા છે, આ ઘટના સામે આવતા લોકોમાં ભારે ભયનું માહોલ સર્જાયો છે.

વીરપુર નગરના જનતા સીનેમા, મુકેશ્વર મહાદેવ ચોકડી, હાઈસ્કૂલ ચોકડી, બસ સ્ટેન્ડ સહિતના મુખ્ય માર્ગો પર આખલાનું ઝુંડ બેફામ દોડતુ જોવા મળી રહ્યું છે. જેના કારણે વાહનચાલકો અકસ્માતનો ભોગ બને તેવી સ્થિતિ સર્જાઈ છે. તેમાંય ઘણીવાર આખલા એકબીજા સામે શીંગડા ભેરવતા સમગ્ર બજારમાં ભયનો માહોલ ઊભો કરી દે છે. આ દરમિયાન દુકાનો તેમજ ફૂટપાથ પર બેઠેલા વેપારીઓને ભારે નુકસાન વેઠવું પડે છે. નાની મોટી દુકાનો સામે મુકાયેલો માલસામાન મિનીટોમાં ભંગારમાં ફેરવાઈ જાય છે. આખલા જે હડફેટે ચડ્યું તેને તોડફોડી નવરું કરી નાંખે છે. કેટલાક કિસ્સામાં રાહદારી પણ સામે ચડી જતાં તેના હાડકાં ખોંખરા થઈ જાય છે. આમ છતાં પંચાયત કે તંત્રના કોઈ વિભાગ દ્વારા અસરકારક પગલાં લેવામાં આવતાં નથી.

આખલાઓ થોડાક દિવસો અગાઉ રાત્રિના સમયે કોઈ અજાણ્યા શખસો ઉતારી ગયા હતાં આ બાબતે સ્પષ્ટતા ભલે ના થઈ હોય, પરંતુ લોકોમાં આ મુદ્દો ભારે ચર્ચાનો વિષય બન્યો છે. એક તરફ વેપારીઓ પોતાના ધંધામાં નુકસાન સહન કરી રહ્યા છે, બીજી તરફ સ્કૂલ-કોલેજ જતાં વિદ્યાર્થીઓ અને વૃદ્ધ લોકોને આખલાઓના ડરથી બહાર નીકળવું મુશ્કેલ બની ગયું છે.

બાલાસિનોરમાં ₹ 1.17 લાખની ઘરફોડ ચોરી થઈ

(પ્રતિનિધિ) બાલાસિનોર, તા.14

બાલાસિનોર પાંડવાના બંધ મકાનમાં તસ્કરોએ ઘરફોડ ચોરીને અન્જામ આપ્યો હતો.જે અંગે ચોર ઈસમો સોના-ચાંદીના દાગીના અને રોકડ સહિત કુલ્લે 117200- ની ચોરી કરી નાશી ગયા હતા. જે અંગે બાલાસિનોર તાલુકા પોલીસે ફરીયાદ નોંધી હતી.

બાલાસિનોર પાંડવામાં રહેતા મનીષાબેન ભીખાભાઇ સેવક વાસદ ખાતે નોકરી કરે છે.. ત્યારે તેમનો અકસ્માત થયો હોવાના કારણે પાંડવા ખાતે રહેતા તેમના મમ્મી દિકરી મનીષાબેન પાસે વાસદ રહેવા આવ્યાં હતા..અને પાંડવાનું મકાન લોક કરેલી હાલતમાં બંધ કર્યુ હતુ..ત્યારે 13-09-2025 ના રોજ મનીષાબેનના કાકીએ ફોન કરીને ઘરનો દરવાજો ખુલ્લો હોવાનું જણાવ્યુ હતુ ..જેથી મનીષાબેને તેમને ઘરે જઈને તપાસ કરી આવવાનુ કહ્યું હતુ. જે અંગે તપાસ કરતા ઘર ખુલ્લુ હતુ અને દરવાજાના તાળા નકુચા તુટેલી હાલતમાં હતા.. જે અંગે મનીષાબેનના કાકીએ જાણ કરતા માતા અને દિકરી તાબડોતોબ ઘરે પહોચ્યા હતા.

જયા જઈને જોતા તિજોરી ખુલ્લી હાલતમાં અને સરસમાન વેરવિખેર પડયો હતો.તેમજ તિજોરીમાં મુકેલ બે તોલા સોનાની ચેઈન,બે જોડ સોનાની બુટ્ટીઓ,સોનાની બે કડીઓ.2 નંગ ચાંદીના છડા,એક નંગ ચાંદીનો કેયડો,અને મનીષાબેનના મમ્મીના નામે મુકેલ આઈડીબીઆઈનું એફડી સર્ટી ,રોકડ રૂ.1200- મળી કુલ્લે 117200- ની ચોરી થઈ હતી.

જે અંગે મનીષાબેને અજાણ્યા ચોર ઈસમો સામે બાલાસિનોર તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી તપાસની માગણી કરી હતી.

આણંદના ત્રણ હજાર કરતાં વધુ કર્મચારી 16મીએ રક્તદાન કરશે

986 પ્રા. શાળાના શિક્ષકો , સરકારી કચેરીઓમાં કર્મચારીઓ કાર્યક્રમમાં જોડાશે

(પ્રતિનિધિ) આણંદ તા 14

અકસ્માત, કેન્સર અને થેલેસેમિયા સહિતના ગંભીર રોગોની સારવારમાં લોહીની જરૂર - પડે છે. આ બાબતને ધ્યાનમાં - રાખીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના -જન્મદિન નિમિત્તે 16મી સપ્ટેમ્બર, મંગળવારે આણંદ જિલ્લામાં દરેક તાલુકામાં સરકારી કર્મચારીઓના રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિરમાં આણંદ જિલ્લામાં 986 જેટલી પ્રાથમિક શાળાના શિક્ષકો , સરકારી કચેરીઓમાં કર્મચારીઓ સહીત કુલ 3 હજાર કરતાં વધુ સરકારી કર્મચારીઓ રક્તદાન કરશે. રક્તદાન કાર્યક્રમમાં એક જ દિવસમાં સૌથી -વધુ શિક્ષકો એકસાથે જોડાવાનો - પણ એક વિક્રમ નોંધાય તેવી શક્યતા છે.

રાજ્યસ્તરે સંયુક્ત કર્મચારી મોરચાના નેજા હેઠળ ગુજરાત રાજ્ય આચાર્યસંઘે આ જવાબદારી લીધી છે. આણંદ જિલ્લામાં શિક્ષણ વિભાગની જવાબદારી શિક્ષક સંઘના જીલ્લા અધ્યક્ષ વિક્રમસિંહ ગરાસિયાને સોંપવામાં આવી છે. તેઓ દ્વારા જાહેર અપીલ કરતાં જણાવવામાં આવ્યું છે કે આ રક્તદાન શિબિરમાં સૌ સરકારી અધિકારીઓ, કર્મચારીઓ અને શિક્ષકો ભાગ લેવાના છે.

રક્તદાન શિબિર માટે દરેક તાલુકામાં વ્યવસ્થા કરવામાં આવી છે. નિશ્ચિત કરાયેલ બ્લડ બેન્ક કે રેડ ક્રોસ સોસાયટીની શાખાઓ દ્વારા રક્તદાન કેમ્પ ખાતે કામગીરી કરવામાં આવનાર છે. આણંદ જિલ્લામાં રક્તદાન માટેના કુલ 8 સ્થળ નિશ્ચિત કરવામાં આવ્યા છે. 1 ચંચળબા ઓડીટોરીયમ, સરદાર પટેલ એજ્યુ. ટ્રસ્ટ, આણંદ, 2 ભાઈકાકા લાઈબ્રેરી સરદાર પટેલ યુનિવર્સિટી, વી.વી.નગર,3 એસ. ઝેડ. વાઘેલા હાઈસ્કૂલ, ખંભાત, 4 ન્યૂ એજ્યુકેશન હાઈસ્કૂલ, પેટલાદ, 5 શ્રી એસ.જે.પટેલ ઈંગ્લી. મીડી. સ્કૂલ, તારાપુર, 6 ખેતવાડી ઉત્પન્ન બજાર સમિતિ, બોરસદ, 7 BAPS સ્વામીનારાયણ મંદિર, આંકલાવ, 8 સરસ્વતી વિદ્યાલય, સુંદલપુરા રોડ, ઉમરેઠ ખાતે સરકારી કર્મચારીઓ વિશેષ ઝૂંબેશ હેઠળ રક્તદાન કરશે.

લુણાવાડામાં નવરાત્રિના પગલે ગરબાની તૈયારી આખરી તબક્કામાં પહોંચી



લુણાવાડામાં નવરાત્રીના દિવસો નજીક આવી રહ્યા છે. તેમ પ્રજાપતિ સમાજમાં ગરબાઓની વિશેષ મહત્વ રહેલું છે. પ્રજાપતિ સમાજમાં પણ ગરબાની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. પ્રજાપતિ સમાજમાં અવનવા રંગબેરંગી ગરબાઓની જોવા મળે છે. બહેનો માટીના ગરબાની કામગીરી કરતા નજરે જોવા મળે છે. વિવિધ પ્રકારના ગરબાઓ કલાત્મક રીતે શણગારેલા જોવા મળે છે. તેમાંય દિવાળીનો તહેવાર નજીક આવતા પ્રજાપતિ સમાજમાં એક રોજગારીની તકો વધુ જોવા મળતી હોય છે.

વડતાલ પોલીસ દ્વારા બૂટલેગરોના દારૂ સંતાડવાના કારસ્તાનો નાકામ

વડતાલમાં એક જ બૂટલેગરના બે સ્થાનેથી લાખોનો દારૂ પકડાયો

(પ્રતિનિધિ) આણંદ, તા.14

વડતાલમાં દારૂની ખેપ મારનારાઓ બેફામ બન્યા છે. ત્યારે પોલીસે એકજ દિવસમાં આરોપી બુટલેગરોના બે અલગ અલગ સ્થાનો પર રેડ પાડી હતી. જે અંગે વડતાલ પોલીસે બુટલેગરોના દારૂ સંતાડવાના કારસ્તાનો નાકામ બનાવીને ગુન્હો નોંધ્યો હતો.

નડીયાદ એલસીબી પોલીસે દારૂની હેરાફેરી અંગેની ચોકકસ બાતમી હકીકતના આધારે તા.13-09-2025 ના રેડ પ્લાન કરી હતી..જે અંગે પોલીસ બાતમી હકીકત વાળી જગ્યાએ પહોચતા ભુમેલ ફાટક પાસે ખાનગી વાહનો મુકી ચાલતા ચાલતા એક તબેલા પાસે પહોચી હતી.જયા એક ઈસમ ઘાસના પુડામાં કઈક કરતો દેખાયો હતો.ત્યારે પોલીસે ઈસમને કોર્ડન કરી નામ ઠામ પુછતા સતીષ શંકરભાઈ પરમાર રહે. ભુમેલનો હોવાનું જણાયું હતું. જે અંગે પોલીસે ઘાસના સુકા પુડાઓમાં તાડપત્રી હટાવી જોતા કુલ બોટલો નંગ.2400 જેની કિમંત રૂ384000- નો ભારતીય બનાવટનો વિદેશી દારૂ પકડાયો હતો.ત્યારે પોલીસે સઘન પુછપરછ કરતા કમલેશ હસમુખભાઇ પરમાર રહે. સંજાયાએ વિદેશી દારૂ સાચવવા માટે આપેલ હોવાની માહિતી મળી હતી.આ આરોપીઓના કારસ્તાનો અહીંથી જ નથી અટકતા વડતાલ પોલીસને અન્ય એક બાતમી મળી હતી. જે મુજબ ભુમેલ સીમવિસ્તારમાં જગદીશભાઇ પટેલના ખેતરમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ સંતાડયો હોવાની બાતમી હકીકતને આધારે પોલીસ દોડતી થઇ હતી.જે અંગે પોલીસ બાતમી હકીકત વાળી જગ્યા પર પહોચતા કોઇ ઈસમ દેખાઇ આવ્યો ન હતો.પરંતુ ખુલ્લા ખેતરના સેઢે આવેલ ઓરડીની બહાર કુલ 09 લોખંડના પીપો મળી આવ્યાં હતા.તે પીપો ખોલીને જોતા પુંઠાના બોક્ષમાંથી કુલ બોટલો નંગ 4394 જેની કિમંત રૂ571400-નો વિદેશી દારૂ પકડાયો હતો.જે અંગે પોલીસે આરોપીઓ સતીષ શંકરભાઇ પરમાર, કમલેશ હસમુખભાઇ પરમાર વિરૂધ્ધ વિરૂધ્ધ વડતાલ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધી તપાસ ચલાવી હતી.

નડિયાદ શહેરમાં આઇકોનિક રોડ ડેવલોપ કરવામાં આવશે

રૂપિયા 18 કરોડના ખર્ચે મહી કેનાલ કોલેજ રોડથી ડીમાર્ટ ચોકડીને આઈકોનીક બનાવાશે

(પ્રતિનિધિ) નડિયાદ, તા.14

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ નેતૃત્વ હેઠળ ગુજરાત સરકાર દ્વારા નડિયાદ શહેરના વિકાસ માટે રૂપિયા 29.2 કરોડના વિવિધ પ્રોજેક્ટ્સને મંજૂરી આપવામાં આવી છે. આ ભંડોળનો ઉપયોગ શહેરના

માળખાકીય સુવિધાઓમા વપરાશ થશે, જાહેર સુવિધાઓ અને સૌંદર્યીકરણના કામો માટે કરવામાં આવશે, જેનાથી નગરજનોની સુખાકારીમાં વધારો થશે. આ વિકાસ કાર્યો માટે નડિયાદના ધારાસભ્ય પંકજ દેસાઈએ મુખ્યમંત્રીનો આભાર વ્યક્ત કર્યો છે.

આ વિકાસ કાર્યોમાં સૌથી મહત્ત્વનો પ્રોજેક્ટ રૂપિયા 18 કરોડના ખર્ચે નડિયાદ મહી કેનાલ કોલેજ રોડથી ડીમાર્ટ ચોકડી સુધીના માર્ગને આઈકોનિક રોડ તરીકે વિકસાવવાનો છે. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ આ રોડનું સંપૂર્ણપણે નવીનીકરણ કરવામાં આવશે. આ પ્રોજેક્ટમાં ડીમાર્ટ ચોકડી પર જંકશન ડેવલપમેન્ટ, આધુનિક સ્ટ્રીટ લાઈટ, ફર્નિચર, વૃક્ષારોપણ, વિશાળ ફૂટપાથ અને અંડરગ્રાઉન્ડ ડ્રેનેજ સિસ્ટમનો સમાવેશ થાય છે. આ કામગીરી દ્વારા માર્ગનું સૌંદર્યીકરણ કરીને તેને એક આકર્ષક આઈકોનિક રોડ બનાવવામાં આવશે. આ સિવાય, અન્ય અનેક પ્રજાલક્ષી કાર્યો પણ હાથ ધરવામાં આવશે. જેમાં રૂપિયા 4 કરોડના ખર્ચે શાળા નંબર 5, ટેલિફોન એક્સચેન્જ સામે એક નવીન લાઈબ્રેરીનું નિર્માણ થશે. નડિયાદ રેલવે સ્ટેશન પાસે રૂપિયા 2 કરોડના ખર્ચે એક નવું સિટી બસ સ્ટેન્ડ પણ બનાવવામાં આવશે, જે શહેરમાં મુસાફરીની સુવિધામાં વધારો કરશે. આ ઉપરાંત, ઉત્તરસંડા પમ્પિંગથી ઓક્સિડેશન પોન્ડ સુધી રૂપિયા 1.50 કરોડના ખર્ચે રાઈઝિંગ મેઈનની કામગીરી હાથ ધરાશે.

આઈકોનીક રોડ નડિયાદનું નજરાણુ બનશેઃ ધારાસભ્ય

ધારાસભ્યે પંકજભાઈ દેસાઈએ જણાવ્યું કે, આ આઇકોનિક રોડનું ટેન્ડર કોર્પોરેશન દ્વારા બહાર પાડી દેવામાં આવ્યું છે. આ રોડ પર ગાર્ડન અને યુટીલીટી માટે ખાસ બેઠક વ્યવસ્થા હશે. આ આઇકોનિક રોડ નડિયાદનુ નજરાણું બનશે. આ સિવાય કોર્પોરેશનના 22 રસ્તાઓની કામગીરી પણ આરંભભાઇ છે જે આગામી સમયમાં પૂર્ણ થશે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225